શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?

ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.
અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા,સુરત.
ફોન : 2429322 મો : 9824059872


# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા


JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets | ISC Indian Steel Corporation Ltd. | durashine TATA BLUESCOPE STEEL | TATA SHAKTEE GC SHEET
ALEVATE PERFORMANCE AT ITS PEAK Aluminium Roofing Sheets
• Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
• Galvanised Plain Sheet - MS - CRC sheets
• Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
• 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
• Poly Carbonate, PVC Sheets & Roofing Accessories
STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Pertrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ અધિક જેઠ વદ પાંચમ શુક્રવાર ૫ જૂન, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૯૦

પાનાં ૧૬ કિંમત ₹ ૫.૦૦

# મોદી આજે સુરત-દમણમાં કરોડોના પ્રોજેક્ટ્સ ખુલ્લા મુકશે

**સુરતમાં** 18,800 કરોડ, જ્યારે દમણમાં 2,970 કરોડના વિકાસ કાર્યોના ઉદ્દઘાટન, લોકાર્પણ અને શિલાન્યાસ મોદીના હસ્તે કરાશે

સુરત, ગાંધીનગરઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે તા.5મી જૂને ગુજરાતના સુરત અને કેન્દ્રશાસિત પ્રદેશ દમણની મુલાકાતે આવી રહ્યા છે. આ દરમિયાન તેઓ કુલ 21,770 કરોડથી વધુના વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદઘાટન, લોકાર્પણ અને શિલાન્યાસ કરશે. સુરતમાં 18,800 કરોડના જ્યારે દમણમાં 2,970 કરોડના વિકાસ કાર્યોને ગતિ આપવામાં આવશે.

વડાપ્રધાન બપોરે હજીરા ખાતે ચાલી રહેલી ઔદ્યોગિક કામગીરી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સની સમીક્ષા કરશે. ત્યારબાદ સુરતમાં આયોજિત જાહેર કાર્યક્રમમાં વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને શિલાન્યાસ કરીને જનસભાને સંબોધન કરશે. સુરતમાં વડાપ્રધાન માર્ગ, ઊર્જા, આરોગ્ય અને ઔદ્યોગિક ક્ષેત્રના મહત્ત્વપૂર્ણ પ્રોજેક્ટ્સને સમર્પિત કરશે. તેમાં વડોદરા -મુંબઈ એક્સપ્રેસવેના પેકેજ-6 અને 7નું લોકાર્પણ મુખ્ય

...અનુસંધાન પાના 15 પર



## દમણમાં નમો એરપોર્ટના નવા ટર્મિનલ બિલ્ડિંગ, નમો હોસ્પિટલનું ઉદઘાટન

ત્યારબાદ વડાપ્રધાન દમણ પહોંચશે, જ્યાં તેઓ નમો એરપોર્ટના નવા ટર્મિનલ બિલ્ડિંગ અને નમો હોસ્પિટલનું ઉદઘાટન કરશે. આશરે 1,340 કરોડના આ પ્રોજેક્ટ્સથી પ્રદેશમાં હવાઈ કનેક્ટિવિટી અને આરોગ્યસેવાઓને નવી ઊંચાઈ મળશે. નમો હોસ્પિટલ દરરોજ લગભગ 1,500 ઓપીડી દર્દીઓને સારવાર આપવાની ક્ષમતા ધરાવે છે. દમણમાં વડાપ્રધાન આશરે 1,630 કરોડના નવા પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ પણ કરશે. તેમાં આઇકોનિક બ્રિજ, દમણ કન્વેન્શન સેન્ટર અને નેશનલ ઈન્સ્ટી. ઓફ

...અનુસંધાન પાના 15 પર

## મોદી દ્વારા કયા કયા પ્રોજેક્ટોનું લોકાર્પણ કરાશે?

- સુરત ખાતે 200 બેડની અત્યાધુનિક ESIC હોસ્પિટલનું ઉદઘાટન
- વડોદરા -મુંબઈ એક્સપ્રેસવેના પેકેજ-6 અને 7નું લોકાર્પણ
- ટ્રાન્સમિશન નેટવર્ક વિસ્તરણ યોજનાઓનું પણ લોકાર્પણ
- વલસાડમાં વીજ વિતરણ સુધારણા યોજના,
- દહેજ PCPIR અને સરીગામ GIDC ખાતે પ્રદૂષિત પાણીના શુદ્ધિકરણ પ્રોજેક્ટ
- જંબુસર બલ્ક ડ્રગ પાર્કના માળખાકીય વિકાસ પ્રોજેક્ટ્સને રાષ્ટ્રને સમર્પિત કરશે



જર્મનીના લેક સ્ટેફ્લ્સી ખાતે યોજાયેલ વાર્ષિક બાવેરીયન કોર્પસ ક્રિસ્ટી નૌકા સરઘસમાં ભાગ લઇ રહેલા લોકો પરંપરાગત વસ્ત્રોમાં સજ્જ થયેલા જોઇ શકાય છે.




## નીતિન નવીન પર ભાજપ હાઈકમાન્ડને પૂરો ભરોસો

ભાજપના ટોચના બે નેતાઓ પક્ષના યુવા રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીનમાં સંપૂર્ણ વિશ્વાસ દર્શાવી રહ્યા છે. તેઓ તેમના નવા અધ્યક્ષને રાજકીય દાવપેચ અને જટિલ ચૂંટણી વ્યૂહરચનાઓથી સજ્જ કરી રહ્યા છે. આવતા વર્ષે, એટલે કે ૨૦૨૭માં ઓછામાં ઓછા સાત રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે: ઉત્તર પ્રદેશ, ગુજરાત, પંજાબ, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, ગોવા અને મણિપુર. ભાજપ હાઈકમાન્ડે નવીનને બૂથ સ્તરે કોઈપણ પ્રકારની ખામીઓને તાત્કાલિક દૂર કરવા માટે કામ શરૂ કરવાની મહત્ત્વની જવાબદારી સોંપી છે. તેમને ગ્રાઉન્ડ લેવલ પર પક્ષની સંગઠનાત્મક શક્તિનું મૂલ્યાંકન કરવા અને એક નિષ્પક્ષ અહેવાલ તૈયાર કરવા માટે કહેવામાં આવ્યું છે. તેમણે બૂથ સ્તરે પક્ષની શક્તિઓ અને નબળાઈઓનું વ્યાપક મૂલ્યાંકન કરવું જોઈએ, ખામીઓની ઓળખ કરવી જોઈએ અને તેના ઉપાયો સૂચવવા જોઈએ. અહેવાલો અનુસાર, નવીનને ખાસ કરીને 'પન્ના પ્રમુખો' (પેજ ઇન્ચાર્જ)ની ભૂમિકા પર ધ્યાન કેન્દ્રિત કરવા, તેમની સાથે સીધો સંવાદ સ્થાપિત કરવા અને પન્ના (બૂથ ક્લસ્ટર) સ્તરે ભાજપના જાગૃત કાર્યકરોની ટીમ બનાવવાની પહેલ તાત્કાલિક શરૂ કરવા સૂચના આપવામાં આવી છે. તેમને બૂથ મેનેજમેન્ટમાં રહેલી ખામીઓનો અભ્યાસ કરવા માટે પાયાના સ્તરની એજન્સીઓને તાત્કાલિક કામે લગાડવા પણ

...અનુસંધાન પાના 15 પર

તા. ૦૪-૦૬-૨૦૨૬નું વડોદરા શહેરનું **હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
| --- | --- | --- |
| ૩૮.૬° સે. | ૨૯.૦° સે. | ૪૪% |

# નૈઋત્યનું ચોમાસું કેરળમાં આવી પહોંચ્યું

**દેશમાં** સત્તાવાર રીતે વર્ષા ઋતુનો પ્રારંભ, ૨૬ મેની આગાહી હતી પરંતુ ચોમાસુ ૪ જૂને શરૂ થયું

**બંગાળની** ખાડીના કેટલાક ભાગોમાં પણ ચોમાસુ આગળ વધ્યું: કેરળ, તમિલનાડુ, કર્ણાટકમાં ભારે વરસાદની આગાહી

**નવી દિલ્હી, તા. 4 :** ભારતીય હવામાન વિભાગ(IMD)ના જણાવ્યા અનુસાર, ગુરુવારે કેરળમાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસાનું આગમન થઈ ગયું છે. સામાન્ય રીતે, ચોમાસું ૧ જૂનની આસપાસ કેરળમાં પ્રવેશે છે, જે દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની સીઝન (જૂન-સપ્ટેમ્બર)ની શરૂઆત દર્શાવે છે.

IMD એ જણાવ્યું હતું કે, નૈઋત્યનું ચોમાસું આજે ૪ જૂન, ૨૦૨૬ના રોજ દક્ષિણ-પશ્ચિમ અને દક્ષિણ-પૂર્વ અરબી સમુદ્રના બાકીના ભાગો, પશ્ચિમ-મધ્ય અને પૂર્વ-મધ્ય અરબી સમુદ્રના કેટલાક ભાગો, સમગ્ર લક્ષદ્વીપ ટાપુઓ, કેરળ અને માહે, કર્ણાટક અને તમિલનાડુના કેટલાક ભાગો, કોમોરિન વિસ્તારના બાકીના ભાગો, દક્ષિણ-પૂર્વ બંગાળની ખાડી અને દક્ષિણ-પશ્ચિમ, પશ્ચિમ-મધ્ય, પૂર્વ-મધ્ય તથા ઉત્તર-પૂર્વ બંગાળની ખાડીના વધુ કેટલાક ભાગોમાં આગળ વધી ચૂક્યું છે. કેરળ, તમિલનાડુ અને કર્ણાટકમાં આગામી ૭ દિવસોમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

આ અગાઉ હવામાન વિભાગે આગાહી કરી હતી કે ચોમાસું ૨૬ મેના રોજ કેરળમાં શરૂ થશે; જો કે, તેના આગમનમાં વિલંબ થયો હતો. ગયા અઠવાડિયે, વિભાગે મોસમી વરસાદ માટેની તેની આગાહીમાં સુધારો કર્યો હતો, જે દર્શાવે છે કે આ વખતે વરસાદ સામાન્ય કરતાં ઓછો રહેશે. IMD આ વર્ષે ભારતમાં વરસાદ લાંબા ગાળાની સરેરાશ (LPA)ના આશરે ૯૦% રહેવાની અપેક્ષા રાખે છે. LPA એટલે કોઈ ચોક્કસ પ્રદેશમાં નિર્ધારિત સમયગાળા (જેમ કે એક મહિનો અથવા આખી સીઝન) દરમિયાન નોંધાયેલા વરસાદની સરેરાશ કાઢવામાં આવે છે, જે સામાન્ય રીતે ૩૦ થી ૫૦ વર્ષ જેવા લાંબા ગાળા પર આધારિત હોય છે. ૧૯૭૧ થી ૨૦૨૦ સુધીના ડેટાના આધારે સમગ્ર દેશમાં મોસમી વરસાદની લાંબા ગાળાની સરેરાશ (LPA) ૮૭ સેમી છે. જો ચોમાસાની સીઝનમાં LPAના ૯૦% કરતાં ઓછો વરસાદ થાય, તો IMD તેને 'અછત' તરીકે વર્ગીકૃત કરે છે.

## જમ્મુ-કાશ્મીરના રિયાસીમાં વાદળ ફાટ્યું: મ.પ્ર.માં ભારે વરસાદ

**દિલ્હીમાં** ધોળા દિવસે અંધારું: અનેક રાજ્યોમાં હજી સખત ગરમી ચાલુ

જમ્મુ-કાશ્મીરના રિયાસી જિલ્લાના બટોહી વિસ્તારમાં ગુરુવારે વાદળ ફાટ્યું છે. વાદળ ફાટ્યા બાદ પૂર જેવી સ્થિતિ સર્જાઈ ગઈ છે. પાણી અને કાટમાળ રહેણાંક વિસ્તારમાં પહોંચી ગયો છે, જેના કારણે અનેક ઘરોને નુકસાન થયું છે. તંત્ર અને બચાવ કામગીરીની ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. પહાડી ઢોળાવો નજીક રહેતા લોકોને સતર્ક રહેવાની અપીલ કરવામાં આવી છે. હાલમાં કોઈ જાનહાનિના સમાચાર નથી. બીજી તરફ, ગુરુવારે કેરળ પહોંચેલું ચોમાસુ આગામી ૨-૩ દિવસમાં તે ગોવા, મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, કર્ણાટક, તમિલનાડુને આવરી શકે છે. વળી, બંગાળની ખાડીના કેટલાક વધુ ભાગો ઉપરાંત પૂર્વોત્તરના રાજ્યોમાં આગળ વધી શકે છે. આજે મધ્યપ્રદેશના ઘણા જિલ્લાઓમાં ગુરુવારે સાંજે ભારે વરસાદ પડ્યો હતો. આ દરમિયાન ૭૦ કિમી પ્રતિ કલાકની ઝડપે વાવાઝોડું ફૂંકાયું હતું. દિલ્હી-NCRમાં દિવસ દરમિયાન અંધારપટ છવાઈ ગયો હતો. ફિલ્મ સિટીમાં વાવાઝોડા બાદ અનેક વૃક્ષો ધરાશાયી થઈને કાર પર પડ્યા હતા. રસ્તાઓ પર પાણી ભરાઈ જવાને કારણે ટ્રાફિક જામ સર્જાયો હતો. દેશના ઘણા રાજ્યોમાં હજુ પણ ગરમી ઓછી થઈ નથી. ગુજરાત, પશ્ચિમ રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, બિહાર, મહારાષ્ટ્ર, તમિલનાડુમાં તાપમાન 40Cથી ઉપર બનેલું છે.

# બિહારના મુઝફ્ફરપુરમાં હોસ્પિટલમાં આગ: પાંચ દર્દીઓનાં મોત

**એક** ખાનગી હોસ્પિટલના આઇસીયુમાં આગ ફાટી નિકળી, અનેકને ઇજા

**તપાસ** સમિતિ રચાઇ, મૃતકોના પરિવારને રૂ. ૪ લાખની ઉચ્ચક સહાય જાહેર



**મુઝફ્ફરપુર, તા. 4 (PTI):** બિહારના મુઝફ્ફરપુર જિલ્લામાં ગુરુવારે વહેલી સવારે એક ખાનગી હોસ્પિટલના ICUમાં લાગેલી આગમાં ઓછામાં ઓછા પાંચ લોકોના મોત થયા છે, તેમ એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું.

બ્રહ્મપુરા વિસ્તારમાં આવેલી પ્રસાદ હોસ્પિટલમાં વહેલી સવારે લગભગ ૩ વાગ્યે આ આગ ફાટી નીકળી હતી, જે ઝડપથી ઈન્ટેન્સિવ કેર યુનિટ (ICU)માં ફેલાઈ ગઈ હતી અને ત્યાં ઘટ્ટ ધુમાડો ભરાઈ ગયો હતો. મુઝફ્ફરપુરના મ્યુનિસિપલ કમિશનર ઋતુરાજ સિંહે જણાવ્યું કે, કુલ ૫ લોકોના મોતની પુષ્ટિ થઈ છે. આ દુર્ઘટનામાં ઘણા લોકો ઈજાગ્રસ્ત પણ થયા છે, જેઓ વિવિધ હોસ્પિટલોમાં સારવાર હેઠળ છે. પાંચેય મૃતકો આઈસીયુમાં રખાયેલા દર્દીઓ હતા. આ આગ બ્રહ્મપુરાની પ્રસાદ હોસ્પિટલ નામની ખાનગી હોસ્પિટલમાં લાગી હતી.

મૃતકોની ઓળખ મુઝફ્ફરપુર જિલ્લાના શશાંક કુમાર, કૃષ્ણનંદન સિંહ અને ગીતા દેવી, શિયોહરના ઉદય કુમાર અને સીતામઢીની ચંચલા વર્મા તરીકે થઈ છે. અધિકારીઓએ જણાવ્યું કે પોસ્ટમોર્ટમ બાદ મૃતદેહો પરિવારજનોને સોંપી દેવામાં આવ્યા છે. તેમણે ઉમેર્યું કે હોસ્પિટલમાં દાખલ તમામ દર્દીઓની ભાળ મેળવી લેવામાં આવી છે. આ અગાઉ દિવસ દરમિયાન, મુઝફ્ફરપુરના જિલ્લા મેજિસ્ટ્રેટ સુબ્રત કુમાર સેને જણાવ્યું હતું કે ICUમાં લગભગ ૧૩ થી ૧૫ દર્દીઓની સારવાર ચાલી રહી હતી, જેમને પાછળથી અન્ય હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા હતા. તેમણે જણાવ્યું કે, પ્રાથમિક દ્રષ્ટિએ આ આગ શોર્ટ સર્કિટના કારણે લાગી હોવાનું જણાય છે. જો કે, આગનું ચોક્કસ કારણ વિગતવાર તપાસ બાદ જ જાણી શકાશે. મ્યુનિસિપલ કમિશનર સિંહે જણાવ્યું કે ડીએમ દ્વારા આ ઘટનાની તપાસ માટે પાંચ સભ્યોની ટીમની રચના કરવામાં આવી છે. મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીએ આ ઘટનાને અત્યંત દુઃખદ ગણાવી હતી અને શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. તેમણે 'X' પર એક પોસ્ટમાં લખ્યું દરેક મૃતકના પરિવારને તાત્કાલિક ૪ લાખ

...અનુસંધાન પાના 15 પર

# ઈરાન યુદ્ધ અટકાવવા માટે અમેરિકાની સંસદના પ્રતિનિધિગૃહમાં ઠરાવ પસાર

**ટ્રમ્પના** રિપબ્લિકન પક્ષના ચાર સાંસદોએ પણ ડેમોક્રેટોના આ ઠરાવને ટેકો આપ્યો

**શાસક** રિપબ્લિકન પક્ષની બહુમતિવાળા સંસદના નીચલા ગૃહમાં ઠરાવ પસાર થઇ જતા ટ્રમ્પને રાજકીય આંચકો

**જો કે** આ ઠરાવ માત્ર પ્રતિકાત્મક છે અને ટ્રમ્પના હોદ્દાને આંચ આવે તેમ નથી

**વૉશિંગ્ટન, તા. 4:** અમેરિકી સંસદના નીચલા ગૃહ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્ઝ, જે હાઉસ તરીકે પણ ઓળખાતય છે તેણે સ્થાનિક સમય પ્રમાણે બુધવારે ઈરાન યુદ્ધમાંથી અમેરિકન સૈનિકોને પાછા ખેંચવાનો આદેશ આપતો એક પ્રસ્તાવ પસાર કર્યો છે. આ એક મોટાભાગે પ્રતીકાત્મક પગલું છે, તેમ છતાં તે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ માટે એક મોટો રાજકીય ફટકો માનવામાં આવી રહ્યો છે.

આ ગૃહમાં બહુમતી ધરાવતા ટ્રમ્પના રિપબ્લિકન પક્ષના ચાર સભ્યો આ પ્રસ્તાવના સમર્થનમાં ડેમોક્રેટ્સ સાથે જોડાયા હતા. આ પ્રસ્તાવ ૨૧૫ વિરુદ્ધ ૨૦૮ મતોથી પસાર થયો છે અને હવે તે સેનેટમાં જશે, પરંતુ આખરે ત્યાં તેને પ્રમુખના વીટોનો સામનો કરવો પડશે. હાઉસ ફોરેન અફેર્સ કમિટીના ડેમોક્રેટ્સે 'X' પર પોસ્ટ કર્યું કે, અમેરિકાના લોકો વતી ડોનાલ્ડ ટ્રમ્પને આ એક સ્પષ્ટ અને સચોટ સંદેશ છેઃ ઈરાનમાં તેમની અત્યંત અલોકપ્રિય અને ગેરકાયદેસર યુદ્ધની જીદને સમાપ્ત કરવાનો હવે સમય આવી ગયો છે. ત્રણ મહિના પહેલા યુદ્ધ શરૂ થયું ત્યારથી, રિપબ્લિકન-નિયંત્રિત હાઉસે ટ્રમ્પને ઈરાન સામેની સૈન્ય કાર્યવાહી રોકવા માટે દબાણ કરતો પ્રસ્તાવ મંજૂર કર્યો હોય તેવું આ પ્રથમ વખત બન્યું છે.

ડેમોક્રેટ્સ આ મતદાનને યુદ્ધ અને શાંતિના નિર્ણયોમાં સંસદની બંધારણીય ભૂમિકાને ફરીથી સ્થાપિત કરવાના તેમના પ્રયાસોમાં એક મહત્વપૂર્ણ વળાંક તરીકે જોઈ રહ્યા છે.

મે મહિનાના અંતમાં સેનેટમાં પણ આવો જ એક પ્રસ્તાવ એક મહત્વપૂર્ણ પ્રક્રિયાગત તબક્કામાંથી પસાર થયો હતો, અને ઉપલા ગૃહ (જેમાં પણ રિપબ્લિકન પક્ષની નજીવી બહુમતી છે) દ્વારા તેને આ અઠવાડિયાની શરૂઆતમાં જ મંજૂર કરવામાં આવી શકે છે. જો કે, રિપબ્લિકન નેતાઓ તેને અંતિમ મંજૂરી મળતા રોકવાનો પ્રયાસ કરી શકે છે. બીજી તરફ, ટ્રમ્પ વહીવટીતંત્ર એવો આગ્રહ રાખી રહ્યું છે કે ઈરાન સામેનું યુદ્ધ પહેલેથી જ સમાપ્ત થઈ ચૂક્યું છે, જો કે બંને પક્ષોના દળો વચ્ચે હજુ પણ ગોળીબાર ચાલુ છે અને શાંતિ વાટાઘાટોમાં પણ કોઈ ખાસ પ્રગતિ દેખાતી નથી.

## યુદ્ધ શરૂ કર્યા પછી ૬૦ દિવસમાં સંસદની મંજૂરી નહીં લઇને ટ્રમ્પે બંધારણનો ભંગ કર્યો: ડેમોક્રેટ્સ

**જો કે** વ્હાઇટ હાઉસ કહે છે કે યુદ્ધ વિરામ થઇ ગયો હોવાથી આ સમયમર્યાદાનો ભંગ થયો નથી

ડેમોક્રેટ્સ ટ્રમ્પ પર આરોપ લગાવી રહ્યા છે કે તેમણે સંસદની મંજૂરી વિના ફેબ્રુઆરીના અંતમાં ઇઝરાયેલની સાથે મળીને ઈરાન પર હુમલા કરીને બંધારણનું ઉલ્લંઘન કર્યું છે. 'વોર પાવર્સ એક્ટ' હેઠળ, રાષ્ટ્રપતિએ અમેરિકી સૈન્યને યુદ્ધમાં ઉતાર્યા પછી સંસદની મંજૂરી મેળવવા માટે ૬૦ દિવસનો સમય મળે છે. તે સમયમર્યાદા અઠવાડિયા પહેલા જ પૂરી થઈ ગઈ છે, અને ડેમોક્રેટ્સનું કહેવું છે કે ટ્રમ્પ હવે કાયદો તોડી રહ્યા છે. વ્હાઇટ હાઉસ આ અર્થઘટનનો વિરોધ કરે છે અને દલીલ કરે છે કે એપ્રિલમાં થયેલા યુદ્ધવિરામને કારણે આ સમય મર્યાદાની ઘડિયાળ અટકી ગઈ હતી.